# Academic Year 2018-2019

**Government Arts College, Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

# Extension activities

| Sr. no. | Activities | Numbers of Participated | Page No. |
|---|---|---|---|
| 1 | Vyasanmukti | - | 3 |
| 2 | NSS Annual Special Camp | 50 | 4-5 |

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Name of Activity :- Vyasanmukti (De-addiction)**

**Date :- 17/12/2018**

<u>વ્યસન મુક્તિ કાર્યક્રમ તા.૧૭.૧૨.૨૦૧૮</u>

અત્રે સરકારી વિનયન કોલેજ કપરાડામાં વલસાડ જિલ્લા વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમ અંતગર્ત કપરાડા તાલુકાના ટી.એચ પટેલ અને સુપરવાઇઝર શ્રી ભરતભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં કેન્સર થવાના કારણો, કેન્સરના પ્રકારો, માદક દ્રવ્યોના સેવનથી સમાજને થતી આડઅસરો, આર્થિક અસર વગેરે મુદ્દઓ સાથે માદક દ્રવ્યોના સેવનથી થતી હાનિઓ, આજની યુવાપેઢીએ તે બાબતે રાખવાની સાવચેતીઓ, સમાજ પ્રત્યે અદા કરવાની જવાબદારીઓ વગેરે મુદ્દાઓની ઝિણવટ પૂર્વક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સુપરવાઇઝર શ્રી ભરતભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ ચર્ચા બાદ ' પ્રધાન મંત્રી જન આરોગ્ય ' યોજના અને ' આયુષ્યમાન ભારત ' યોજના વિશે માહિતગાર કરવામાં આવ્યા.

**Name of Activity :- N.S.S. Annual Special Camp**

**Date :-19/12/2018 to 25/12/2018**

## એન.એસ.એસ.વાર્ષિક શિબિર અહેવાલ

તા.૨૭.૧૨.૨૦૧૮

અત્રેની સરકારી વિનયન કોલેજ કપરાડાના એન.એસ.એસ. પ્રવૃત્તિ અંતર્ગત તા.૧૭.૧૨.૨૦૧૮ થી ૨૫.૦૨.૨૦૧૮ સુધી એન.એસ.એસ વાર્ષિક શિબિરનું આયોજન બાલચોંઢી ગામ ખાતે કરવામાં આવ્યું હતું. તેમજ રાત્રી રોકાણ માટે પ્રાથમિક શાળા, બાલચોંઢીમાં વ્યવસ્થા કરવામાં આવી હતી.આ વાર્ષિક શિબિરમાં વિવિધ સામાજીક તેમજ શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૯.૧૨.૨૦૧૮ના રોજા કોલેજથી ૯:૩૦ કલાકે પ્રસ્થાન કરી બાલચોંઢી પ્રાથમિક શાળાએ પહોંચ્યા હતા.શાળના આચાર્યશ્રી સાથે સાત દિવસીય વાર્ષિક શિબિરના પ્રવૃત્તિની ચર્ચા કરી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ ૨:૩૦ કલાકે ઉદ્‌ઘાટન સમારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલચોંઢી ગામના અગ્રણીશ્રી હરેશભાઇ, શાળાના આચાર્યશ્રી મિતેશભાઇ, અમારી કોલેજના આચાર્યશ્રી ડૉ.પ્રફુલ્લભાઇ કુરકુટિયા તેમજ શાળા અને કોલેજના સ્ટાફ મિત્રોએ હાજરી આપી હતી.

તા.૨૦.૧૨.૨૦૧૮ના રોજ વહેલી સવારે પ્રભાતફેરી કરી, પ્રાતઃ ક્રિયા બાદ શિબિરાર્થીઓએ સૂર્યનમસ્કાર અને યોગ કર્યા હતા. ત્યારબાદ ગામમાં આવેલ ગામ-પંચાયત મકાનની મુલાકાત લઈ ત્યાં મકાનની આજુ-બાજુ ની તથા જાહેર રસ્તાની સાફ – સફાઇ કરી હતી.

તા.૨૧.૧૨.૨૦૧૮ના દિને નિત્યકાર્ય કરી શારિરીક સ્વસ્થતા માટે શારિરીક કસરતો કરી સવારનો અલ્પાહાર લઇ, સામુદાયિક કાર્ય માટે નજીકમાં આવેલ નવનિર્મિત જલારામ મંદિરના ચાલુ બાંધકામમાં શ્રમકાર્ય કર્યું હતું. ત્યારબાદ ત્યાંના રમણીય વાતાવરણમાં શિબિરાર્થીઓએ વનભોજનની પણ મજા માણી હતી,નજીકમાં આવેલ ચેક ડેમની પણ મુલાકાત લિધી હતી.

તા.૨૨.૧૨.૨૦૧૮ના રોજ નજીકમાં આવેલ રમણીય આમ્રવનની મુલાકાત લીધી હતી. આમ્રવનમાં શ્રમકાર્ય દ્વારા શિબિરાર્થીઓએ સફાઇ  કાર્ય કર્યું હતું. ત્યારબાદ કોલેજના અધ્યાપકશ્રી દિપકભાઇ દ્વારા નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સાંજે રમત-ગમતની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી કરવામાં આવી હતી.

તા.૨૩.૧૨.૨૦૧૮ના દિને રોંજીદી ક્રિયા કરી સવારનો નાસ્તો લઇ શાળાના કેમ્પસમાં બીનજરૂરી ઝાડી-ઝાખડા દુર કર્યા હતા. શાળામાં મુકવામાં આવેલ બેંકડને યોગ્ય જગ્યાએ ગોઠવવામાં આવે છે. તેમજ શાળાના મકાનના ઓરડાની સફાઇ કરવામાં આવી હતી. બપોરનું ભોજન લઇ ફરી શિબિરાર્થીઓ સાફ – સફાઇની પ્રવૃત્તિમાં જોતરાય ગયા હતા.

તા.૨૪.૧૨.૨૦૧૮ ના રોજ સવારની નિત્યક્રિયા બાદ નાસ્તો કરી શિબિરાર્થીઓ પૂર્ણાહુતિ કાર્યક્રમની તૈયારીમાં જોતરાય ગયા હતા. કાર્યક્રમમાં કપરાડાના પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી શ્રી હરેશભાઇ પટેલ તેમજ બાલચોંઢી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મિતેશભાઇ પટેલ અને અમારી કોલેજના આચાર્યશ્રી ડૉ.પ્રફુલ્લભાઇ કુરકુટિયા તેમજ શાળા અને કોલેજના સ્ટાફ મિત્રોએ હાજરી આપી હતી. શ્રી હરેશભાઇ પટેલે શિબિરાર્થી સાથે પોતાના વિદ્યાર્થી કાળના અનુભવો વાગોડ્યા હતા. મહેમાનશ્રીઓને આ સાત દિવસીય ખાસ શિબિરનો અહેવાલ કોલેજના એન.એસ.એસ. પ્રો.ઓફીસરશ્રી સંદિપભાઇ ટંડેલ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો.શિબિરાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગામજનો એ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રા.શ્રી દિપકભાઇ પટેલે કર્યું હતું.

તા.૨૫.૧૨.૨૦૧૮ના દિને વહેલી સવારે પ્રભાતફેરી બાદ સૂર્યનમસ્કાર અને યોગ બાદ નાસ્તો લઇ, શાળામાં ફાળવવામાં આવેલ  રહેવાના ઓરડાની, પીવાના પાણીના પરબની સફાઇ કરી હતી. ત્યારબાદ ૧૦:૩૦ કલાકે પ્રાથમિક શાળા બાલચોંઢીથી પ્રસ્થાન કરી કોલેજ પરત ફર્યા હતા.

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada. Dist.Valsad






# NSS Annual special Camp 2018-19 at Balchondhi



